સત્યમેવ જયતે

**આંક :–_____**

GJJN020044052025

| | |
|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ : | ૦૫/૦૬/૨૦૨૫. |
| કેસ દાખલ તારીખ : | ૦૫/૦૬/૨૦૨૫. |
| કેસ નિર્ણિત તારીખ : | ૩૧/૦૭/૨૦૨૬. |

| અવધિ | ૦૧ | વર્ષ | ૦૧ | માસ | ૨૬ | દિવસ |
|---|---|---|---|---|---|---|

**<u>જુનાગઢના જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની અદાલત સમક્ષ,</u>**

**<u>મું. જુનાગઢ.</u>**

**<u>ફોજદારી કેસ નં.૨૮૧૮/૨૦૨૫.</u>**

**શ્રી સરકાર**

(મુળ ફરિયાદી : કરણસિંહ દેવાભાઈ ઝણકાત પો.કોન્સ.)

(જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુન્હા રજીસ્ટર

નંબર : ૧૧૨૦૩૦૦૪૨૫૦૧૨૮/૨૦૨૫) **– <u>ફરીયાદી.</u>**

**<u>વિરૂઘ્ધ.</u>**

**(૧)જીવા કારાભાઈ વાંદા**

ઉ.વ.આ. ૩૭,

**(૨)દેવરખી કારાભાઈ વાંદા**

ઉ.વ.આ. ૩૩,

ન્યાયિક મેજીસ્ટ્રેટ પ્રથમ વર્ગ,જુનાગઢ.

બંને રહેવાસી : સિંધી સોસાયટી લીરબાઈ પરા ફાટક પાસે, જુનાગઢ.

**(૩)પરેશભાઈ વિશાભાઈ મોરી**

ઉ.વ.આ. ૩૬,

રહેવાસી : રાયકા નગર, બાલા બજરંગ ચોક, રેલ્વે પાટા સામો જુનાગઢ. **– આરોપીઓ.**

**આરોપ :–** ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ), ૯૮(૨) અને ૮૧.

-------------------------------------------

ફરીયાદ પક્ષ તરફે :– વિધવાન સરકારી વકિલશ્રી ડી.બી.પંચાલ

આરોપી નં.૧ અને ૨ તરફે :– વિધવાન વકીલશ્રી ડી.જી. પટોળીયા

આરોપી નં. ૩ તરફે :– વિધવાન વકીલશ્રી જી.એલ.જેઠાણી

-------------------------------------------

**–:: ચુકાદો ::–**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓએ ગઈ તા. ૧૯/૦૩/૨૦૨૫ નારોજ કલાક ૧૭/૩૦ વાગ્યે ઈવનગર ગામ તરફ જતા રસ્તે આરોપી નં.૧ તથા ૨ નાઓએ ગેર કાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબજા હવાલાની મોટર સાયકલ ૨ કિં.રૂ. ૮૦,૦૦૦/– વાળીમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ રોયલ સ્ટેગ સુપીરીયર વ્હિસ્કી ફોર સેલ ઈન પંજાબ ઓન્લી લખેલ ૭૫૦ એમ.એલ. કંપનીની શીલ પેક બોટલ નંગ–૨ કિં. રૂ. ૧૩૪૬/– તથા મોબાઈલ ફોન નંગ–૨ કિં.રૂ. ૧૦,૦૦૦/– મળી કુલ કિં. રૂ. ૯૧,૩૪૬/– ના મુદામાલ સાથે આરોપી નં.૧ પકડાઈ જઈ તેમજ આરોપી નં.૨ રેઈડ દરમ્યાન નાશી જઈ તેમજ સદરહુ ઈંગ્લીશ દારૂનો જથ્થો આરોપી નં.૩ પાસેથી લઈ આરોપી નં.૩ રેઈડ દરમ્યાન હજાર નહી મળી આવી આરોપી નં.૨ અને ૩ તપાસ દરમ્યાન પકડાઈ જઈ તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુજરાત નશાબંધી અધિનિયમની

કલમ–૬૫(એ)(એ), ૯૮(૨) અને ૮૧ મુજબનો ગુન્હો કરેલ છે.

(૨) સદરહુ ગુન્હાની ફરીયાદ ફરીયાદીએ જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં આપતા, જુનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫(એ)(એ), ૯૮(૨) અને ૮૧ મુજબનો ગુન્હો દાખલ થયેલ અને તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા વળગતા સાહેદોના નિવેદનો લઈ, તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ઉપરોકત ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ છે.

(૩) આ કામના આરોપીઓને ધોરણસર સમન્સ બજી જતા, તે અન્વયે તેઓ અત્રેની અદાલતમાં ઉપસ્થિત થતા, તેઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ–૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ આંક–૬ થી તહોમતનામું ફરમાવી આંક–૭ થી ૯ સુધી આરોપીઓની પ્લી નોંધવામાં આવતા, આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતા, આરોપીઓ સામેના ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪) સદરહુ ગુન્હાઓનાં આક્ષેપો સાબિત કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| (૧) | પંચસાહેદ જેસીંગભાઈ થોભણભાઈ બારડની સોગંદ પરની જુબાની | ૧૨ |
| (૨) | સાહેદ વિપુલભાઈ નાગદાનભાઈ ડાંગરની સોગંદ પરની જુબાની | ૧૬ |
| (૩) | ફરીયાદી કરણસિંહ દેવાભાઈ ઝણકાતની સોગંદ પરની જુબાની | ૨૩ |
| (૪) | પંચસાહેદ મેહુલભાઈ લલિતભાઈ કોઠારીની સોગંદ પરની જુબાની | ૨૬ |

| | | |
|---|---|---|
| | | |
| (૫) | ત.ક.અ. વિકાસભાઈ દિનેશભાઈ ડોડીયાની સોગંદ પરની જુબાની | **૨૭** |

**<u>દસ્તાવેજી પુરાવો :-</u>**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| (૧) | પંચનામું | ૧૩ |
| (૨) | રીપોર્ટ અને ફરીયાદ | ૧૭ અને ૧૮ |
| (૩) | પ્રથમ માહિતી અહેવાલ | ૧૯ |
| (૪) | ડેપ્યુટ હુકમ | ૨૦ |
| (૫) | સેમ્પલ એફ.એસ.એલ.માં મોકલેલ રવાનગી પત્ર અને સેમ્પલ મળ્યાની પહોચ | ૨૮ અને ૨૯ |
| (૬) | સેમ્પલનો આવેલ અભિપ્રાય | ૩૦ |
| (૭) | સ્ટેશન ડાયરી અંગે રીપોર્ટ | ૩૧ |

**(૫)** ફરીયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક વિનંતીથી જણાવેલ છે. રજૂ થયેલ પુરાવાના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહીતાની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા, આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે, આ કામે રજુ થયેલ પુરાવા તેમના અથવા તો તેમના વિદવાન વકીલશ્રીના રૂબરૂમાં લેવામાં આવેલ છે. આરોપીએ, ફરિયાદ પક્ષના પુરાવાનો ઈન્કાર કરી બચાવના સાક્ષી તપાસવાનો અને જાતે સોગંદ ઉપર પુરાવો આપવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ આરીપી તદન નિર્દોષ છે. ખોટી ફરીયાદ કરી, ખોટુ ચાર્જશીટ કરી ખોટી રીતે સંડોવવામાં આવેલ છે.

**(૬)** ત્યારબાદ ફરીયાદ પક્ષે સરકારી વિદ્યવાન વકીલશ્રી અને આરોપી તરફે વિદ્યવાન વકીલશ્રી નાઓની મૌખિક દલીલો સાંભળી. સરકારી વિદ્યવાન વકીલશ્રી ની દલીલ એવી છે કે ફરીયાદપક્ષે આરોપી સમક્ષ આક્ષેપીત ગુનાઓનો વાજબી શંકાથી પર પુરવાર કરેલ છે, જયારે આરોપી તરફે વિદ્યવાન વકીલશ્રી એ રજુઆત કરેલ કે ફરીયાદપક્ષ આરોપી સામે કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે અને તેઓના કેસ માં શંકા ઉત્પન્ન થયેલ છે.

**(૭)** ફરીયાદ પક્ષે રજૂ થયેલ પ્રસ્તુત પુરાવા ઉપરથી આ ફરિયાદના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરે છે કે, આરોપીઓએ ગઈ તા. ૧૯/૦૩/૨૦૨૫ નારોજ કલાક ૧૭/૩૦ વાગ્યે ઈવનગર ગામ તરફ જતા રસ્તે આરોપી નં.૧ તથા ૨ નાઓએ ગેર કાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબજા હવાલાની મોટર સાયકલ ૨ કિં.રૂ. ૮૦,૦૦૦/- વાળીમાં ભારતીય બનાવટનો ઈંગ્લીશ દારૂ રોયલ સ્ટેગ સુપીરીયર વ્હિસ્કી ફોર સેલ ઈન પંજાબ ઓન્લી લખેલ ૭૫૦ એમ.એલ. કંપનીની શીલ પેક બોટલ નંગ-૨ કિં.રૂ.૧૩૪૬/- તથા મોબાઈલ ફોન નંગ-૨ કિં.રૂ. ૧૦,૦૦૦/- મળી કુલ કિં.રૂ. ૯૧,૩૪૬/- ના મુદામાલ સાથે આરોપી નં.૧ પકડાઈ જઈ તેમજ આરોપી નં.૨ રેઈડ દરમ્યાન નાશી જઈ તેમજ સદરહુ ઈંગ્લીશ દારૂનો જથ્થો આરોપી નં.૩ પાસેથી લઈ આરોપી નં.૩ રેઈડ દરમ્યાન હજાર નહી મળી આવી આરોપી નં.૨ અને ૩ તપાસ દરમ્યાન પકડાઈ જઈ તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨) અને ૮૧ મુજબનો ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વે મારા નિર્ણય નીચે જણાવેલ કારણસર નીચે મુજબ છે.

મુદા નં.(૧) : **નકારમાં.**

મુદા નં.(૨) : **આખરી હુકમ મુજબ.**

(૯) **<u>કાયદાકીય બિંદુઓના અનુધાને રજુ થયેલ પુરાવાઓનુ મુલ્યાંકન અને કારણો</u>**

**(૯.૧)** ફરીયાદ પક્ષ તરફે મુદામાલ કબજે કરી આરોપીઓને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદ જેસીંગભાઈ થોભણભાઈ બારડને આંક–૧૨ થી તથા પંચ સાહેદ મેહુલભાઈ લલિતભાઈ કોઠારીને આંક–૨૬ થી તપાસેલ છે. સદરહુ પંચ સાહેદ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તા.૧૯/૦૩/૨૦૨૫ નારોજ પોલીસ સ્ટેશન પાસેથી જતા હતા ત્યારે પોલીસે તેઓને બોલાવી એક તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલ, પંચનામાની વિગત અંગે તેઓ કાઈ જાણતા નથી કે તેઓની હાજરીમાં કોઈ પંચનામુ કરેલ હોય તેવુ બનેલ નથી.

**(૯.૨)** ફરીયાદ પક્ષે આંક–૧૬ થી સાહેદ વિપુલભાઈ નાગદાનભાઈ ડાંગરને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૧૯/૩/૨૦૨૫ ના રોજ સી ડીવી. પો.સ્ટે. માં પો.હેડ કોન્સ. તરીકે તેઓ પો.સ્ટે. માં હાજર હતા ત્યારે સ્દલીપભાઈ ડાંગરનો ફોન આવેલ કે તેઓ તથા પો. હેડ કોન્સ. કરણસિંહ દેવાભાઈ જે પેટ્રોલીંગમાં હતા ત્યારે તેઓને ઈવનગર રોડ પર આવતા સંયુકત બાતમી મળેલ કે સીંધી સોસાયટીમાં રહેતો બુટલેગર જીવા કારા વાંદા તથા દેવરખી કારા વાંદા ઈંગ્લીશ દારુનો જથ્થો લઈ ગાંધીગ્રામથી ઈવનગર બાજુ નિકળવાનો છે જેથી તેઓ ડેરી વાળા રસ્તે પહોંચતા એક સફેદ સુઝુકી એકસીસ આવતા જીવા કારા વાંદા લઈને આવતા તેઓને જોઈને તેઓ ઓળખતા હોય તેને રોકવા ઈશારો કરતા તે રોકાયેલ નહી અને તે ભાગેલ તે સમયે એક હોન્ડામાં દેવરખી વાંદા નિકળેલ જેનો નંબર જી જે ૧૧ સી એમ ૮૬૬૧ નો હતો જે બંને ઈસમોનો તેઓએ પીછો કરતા હતા દરમ્યાન તેઓ ત્યાં પહોંચી

ગયેલા તે દરમ્યાન બંને ઈસમો પોતાના હવાલાની મોટર સાઈકલ ત્યાં છોડીને ભાગી ગયેલા તેઓને પીછો કરીને જીવા કારાને પકડેલ ત્યારબાદ બે પંચો રૂબરૂ ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ જીવા કારા જણાવેલ અને આ સુઝુકીની ડેકીમાંથી જોતા રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૭૫૦ એમ એલ ની બે બોટલો કિં.રૂા.૧૩૪૬/- ની ગણી પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ તેમજ સદરહુ બંને મોટર સાઈકલ કિં.રૂા.૮૦,૦૦૦/- ગણી તેમજ હાજર ઈસમ પાસેથી બે મોબાઈલ કિં. રૂા. ૧૦,૦૦૦/- ગણી કુલ રૂા.૯૧,૩૪૬/- નો મુદામાલ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબ્જે લેવામાં આવેલ અને તેઓની સાથેના કરણસિંહે પો.સ્ટે. માં આરોપી વિરુધ્ધ પ્રોહી કલમ ૬૫ એ એ મુજબનો ગુનો રજીસ્ટર કરવા રીપોર્ટ આપેલ જેમા તેઓની તેમજ કરણસિંહની સહી છે. જે અન્વયે પો.સ્ટેશનમાં ગુના રજી. નં. ૦૧૨૮/૨૫ થી પી.એસ.ઓ. એ ગુનો રજીસ્ટર કરી એફ.આઈ.આર. નોંધેલ. આ ગુનાની તપાસ શ્રી વી.ડી. ડોડીયાને સોપાયેલ, જે ડેપ્યુટ હુકમમાં પી.એસ.ઓ.ની સહી છે.

સદરહું સાહેદનાઓની બચાવપક્ષે આરોપી નં.૧ અને ૨ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં માણસોની અવરજવર રહે છે અને પેટ્રોલીંગમાં કયા વાહનમાં ગયેલા તેના નંબર કે પ્રકાર તેઓની રૂબરૂની ફરીયાદમાં જણાવેલ નથી કે ખાનગી વાહન કોની માલિકીનુ હતુ તે પણ જણાવેલ નથી. વધુમાં, સ્વીકારેલ છે કે તેઓએ તેઓની રૂબરૂની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. આ સિવાય, સદરહુ સાહેદે સ્વીકારેલ કે આરોપી નં. ૨ અને ૩ ના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઈ મુદામાલ મળી આવેલ નથી. આરોપી નં.૩ નાઓના વિદ્દવાન વકીલશ્રીએ ઉપરોકત ઉલટતપાસને અડોપ્ટ કરેલ છે.

(૯.૩) ત્યારબાદ, ફરીયાદ પક્ષે આંક-૨૩ થી ફરીયાદી કરણસિંહ દેવાભાઈ ઝણકાતને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ તા.૧૯/૩/૨૦૨૫ ના રોજ સી ડીવી. પો.સ્ટે. માં પો.હેડ કોન્સ. તરીકે તેઓ પો.સ્ટે. માં હાજર હતા ત્યારે દિલીપભાઈ ડાંગરનો ફોન આવેલ કે તેઓ તથા પો. કોન્સ. વિપુલભાઈ ડાંગર જે પેટ્રોલીંગમાં હતા ત્યારે તેઓને ઈવનગર રોડ પર આવતા સંયુકત બાતમી મળેલ કે

સીંધી સોસાયટીમાં રહેતો બુટલેગર જીવા કારા વાંદા તથા દેવરખી કારા વાંદા ઈંગ્લીશ દારુનો જથ્થો લઈ ગાંધીગ્રામથી ઈવનગર બાજુ નિકળવાનો છે જેથી તેઓ ડેરી વાળા રસ્તે પહોંચતા એક સફેદ સુઝુકી એકસીસ આવતા જીવા કારાવાંદા લઈને આવતા તેઓને જોઈને તેઓ ઓળખતા હોય તેને રોકવા ઈશારો કરતા તે રોકાયેલ નહી અને તે ભાગેલ તે સમયે એક હોન્ડામાં દેવરખી વાંદા નિકળેલ જેનો નંબર જી જે ૧૧ સી એમ ૮૬૬૧ નો હતો જે બંને ઈસમોનો તેઓએ પીછો કરતા હતા દરમ્યાન તેઓ ત્યાં પહોંચી ગયેલા તે દરમ્યાન બંને ઈસમો પોતાના હવાલાની મોટર સાયકલ ત્યાં છોડીને ભાગી ગયેલા તેઓને પીછો કરીને જીવા કારાને પકડેલ ત્યારબાદ બે પંચો રૂબરૂ ઈસમનુ નામ પુછતા તેણે પોતાનુ નામ જીવા કારા જણાવેલ અને આ સુઝુકીની ડેકીમાંથી જોતા રોયલ સ્ટેગ વ્હીસ્કીની ૭૫૦ એમ એલ ની બે બોટલો કિં.રૂા.૧૩૪૬/- ની ગણી પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલ તેમજ સદરહુ બંને મોટર સાયકલ કિં.રૂા.૮૦,૦૦૦/- ગણી તેમજ હાજર ઈસમ પાસેથી બે મોબાઈલ કિં.રૂા.૧૦,૦૦૦/- ગણી કુલ રૂા.૯૧,૩૪૬/- નો મુદામાલ પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબ્જે લેવામાં આવેલ અને તેઓએ પો.સ્ટે. માં આરોપી વિરુધ્ધ પ્રોહી કલમ ૬૫ એ એ મુજબનો ગુનો રજીસ્ટર કરવા રીપોર્ટ આપેલ. જે અન્વયે પો.સ્ટે. માં ગુ. રજી. નં. ૦૧૨૮/૨૫ થી પી.એસ.ઓ. એ ગુનો રજીસ્ટર કરી એફ.આઈ.આર. નોંધેલ, આ ગુનાની તપાસ શ્રી વી. ડી. ડોડીયાને સોંપાયેલ, જે ડેપ્યુટ હુકમમાં પી. એસ. ઓ. ની સહી છે, આરોપીને ઓળખે છે.

સદરહું ફરીયાદીની બચાવપક્ષે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં સતત માણસોની તથા વાહનોની અવરજવર રહે છે. વધુમાં સ્વીકારેલ છે કે આરોપી નં.૨ અને ૩ ના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ મુદામાલ મળી આવેલ નથી.

(૯.૪) ફરીયાદ પક્ષે આંક-૨૭ થી તપાસ કરનાર અમલદારશ્રી વિકાસ દિનેશભાઈ ડોડીયાને તપાસવામાં આવેલ છે. સદરહુ સાહેદે પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ સમયે તેઓ જુનાગઢ સી.ડીવી.પો.સ્ટે.માં પો.હે.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ગુ.ર.નં.૦૧૨૮/૨૫ પ્રોહી કલમ ૬૫ એ.એ. મુજબ આરોપીઓ જીવા કારા વિરુધ્ધ ગુનાની

તપાસ તેઓને પીએસઓ તરફથી આ ગુનાની તપાસ તેઓને સોંપાયેલ આ કામે તેઓએ લાગતા વળગતા સાહદોના નિવેદનો લીધેલા બાદ આ ગુનાની આગળની તપાસ પી.જે.વાળા હે.કો.નાઓએ સંભાળેલ તેઓએ સેમ્પલ એફ.એસ.એલ. માં મોકલેલ જે રવાનગી પત્રક રજુ કરે છે તેમજ એફ.એસ.એલ.માં સેમ્પલ મળ્યાની પહોચ રજુ કરે છે તેમજ સેમ્પલનો અભિપ્રાય આવેલ જે રજુ છે. આ કામના આરોપીઓને શ્રી વાળાએ અટક કરેલા જે અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા રીપોર્ટ કરેલો જે રીપોર્ટ રજુ કરે છે જેમા શ્રી વાળા ની સહી છે આ કામે તેઓએ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ છે આરોપીઓને ઓળખે છે.

સદરહું સાહેદનાઓની બચાવપક્ષે આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ કે, બનાવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં માણસોની અવરજવર રહે છે. વધુમાં, સ્વીકારેલ છે કે પેટ્રોલીંગમાં કયા વાહનમાં ગયેલા તેના નંબર કે પ્રકાર તેઓની રૂબરૂની ફરીયાદમાં જણાવેલ નથી કે ખાનગી વાહન કોની માલિકીનુ હતુ તે પણ જણાવે નથી.

**<u>રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓનું મુલ્યાંકન</u>**

**(૧૦)** રેકોર્ડ ઉપર આવેલ મૌખિક અને લેખિત દસ્તાવેજોનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસ મુજબ સદરહુ કહેવાતા કાયદેસરના મુદામાલને આરોપી પાસેથી પંચોની હાજરીમાં કબજે કરેલ છે જયારે આ કામે આંક ૧૨ અને ૨૬ થી તપાસવામાં આવેલ પંચ સાહેદોએ ફરીયાદ પક્ષના કેસને સમર્થન આપેલ નથી અને તેઓએ જણાવેલ કે તેઓને પંચનામા વિશે કાઈ માહિતી નથી. વધુમાં, નોંધપાત્ર છે કે ફરીયાદપક્ષનાઓના કેસ મુજબ ઉપરોકત મુદામાલ આરોપીનાઓની ગાડીમાંથી મળી આવેલ પરંતુ તેમ છતા સદરહુ ગાડીની માલિકી અંગેના દસ્તાવેજ અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ નથી. આ સિવાય, તે પણ નોંધપાત્ર છે કે આ કામના આરોપી નં.૨ અને ૩ નાઓના પ્રત્યક્ષ કબજામાંથી કોઈ મુદામાલ મળી આવેલ ના હોવાનુ તમામ સાહેદોએ સ્વીકારેલ છે પરંતુ સદરહુ આરોપીઓ કઈ રીતે હાલના

ગુના સાથે સંડોવાયેલ છે તેનો કોઈ સધ્ધર પુરાવો અત્રેની કોર્ટ સમક્ષ રજુ રાખવામાં આવેલ નથી.

આમ, ઉપરોકત તમામ સંજોગો અને રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષના કેસની મહત્વપુર્ણ અને અગત્યની વિગતોમાં વિસંગતતા અને નોંધપાત્ર શંકા જણાય આવે છે. ફરીયાદ પક્ષના કેસમાં જયારે નોંધપાત્ર શંકા જણાય આવતી હોય તો તેવા સંજોગોમાં તેનો લાભ આરોપી પક્ષને મળવા પાત્ર રહે છે. આમ, ફરીયાદ પક્ષનાઓ આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં અસફળ નિવળેલ હોય મુદા નં.૧ નો જવાબ **નકારમાં** આપી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કામના આરોપી નં.૧ જીવા કારાભાઈ વાંદા આરોપી નં.ર દેવરખી કારાભાઈ વાંદા આરોપી નં.૩ પરેશ વિશાભાઈ મોરી, રહેવાસી ત્રણેય જુનાગઢ વાળાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૧) અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫(એ)(એ), ૯૮(૨) અને ૮૧ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીઓના જામીનખત અને જાત મુચરકા રદ કરવામાં આવે છે અને આરોપીનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૧ મુજબ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ના જાત જામીન અને જાત મુચરકા રજૂ કરવાનો આદેશ આપવામાં આવે છે.

(૩) આ કામે મુદામાલ પાવતીની વિગતે કબજે લેવાયેલ કહેવાતા ગેરકાયદેસરનો મુદામાલ દારૂને અપીલ સમય બાદ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે અને અન્ય મુદામાલ સંદર્ભે વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમી રાખવાનો અને જો કોઈ હુકમ પસાર થયેલ ના હોય તો સદરહુ મુદામાલની માલિકીની ખરાઈ કરી જે તે માલિકનાઓને સોં

પવાનો હુકમ કરવામાં આવે છે. સદરહું મુદામાલ સંદર્ભે થયેલ હુકમની જાણ નામદાર ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીને કરવી.

(૪) આ કામના આરોપીઓ આજરોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર નથી પરંતુ સદરહું આરોપીનાઓને ઉપરોકત ગુન્હા માથી નિર્દોષ છોડી દેવામાં આવેલ હોય ભારતીય નાગરિક સુરક્ષા સહિંતાની કલમ–૩૯૨(૬) ની જોગવાઈઓના અનુસંધાને તેઓની ગેરહાજરીમાં આજરોજ હુકમ જાહેર કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ **૩૧** <u>મી</u> માહે **જુલાઈ,** સને <u>૨૦૨૬</u> ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જુનાગઢ,
તારીખ : ૩૧/૦૭/૨૦૨૬.

**(કર્ણ અજીત મારવાહા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
જૂનાગઢ.
(GJ-01558)